Extra No. 219

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JUNE 18, 2025 / JYAISTHA 28, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામાં/એસ.આર./૫૯/૨૫.-આણંદ ટાઉન પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલ અમીન ઓટો ફાટક નં.૦૪ ખાતે રેલ્વે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવનાર હોય તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર કામચલાઉ પ્રતિબંધ મુકવામાં આવે તે માટે નીચે જણાવેલ વૈકલ્પીક માર્ગો પર ડાયવર્ઝન કરવા અંગે છ 18-6-25માસ સુધી અમલમાં રહે તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા નાયબ મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, આણંદ મહાનગરપાલિકાએ તેમના પત્ર નં.DYMO/CE/27/2025, તા.૦૭/૦૪/૨૦૨૫થી દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના પત્ર નં.સીબી-૫/LC No/૦૪/ડાયવર્ઝન રૂટ/૬૪૧૭/૨૫, તા.૦૬/૦૫/૨૦૨૫ થી અત્રે અભિપ્રાય મોકલી આપેલ છે.

વાસ્તે, હુ ઋતુરાજ દેસાઈ, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ તા.૧૯/૦૫/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી નીચે જણાવેલ રૂટ ઉપર નાના/મધ્યમ વાહનો તથા ભારે વાહનોના ટ્રાફીક ડાયર્ઝટ કરવા હુકમ કરૂ છુ.

રૂટ :

(૧) આણંદ શહેરમાંથી અમીન ઓટો તરફ જતો તમામ વાહન વ્યવહાર

(૨) આણંદ શહેર બહારથી અમીન ઓટો તરફ જતો તમામ વાહન વ્યવહાર

ડાયવર્ઝન રૂટ:

(૧) આણંદ શહેરમાંથી અમીન ઓટો તરફ જતા તમામ વાહનો મહરાણા સર્કલ બ્રિજ ઉપરથી ચઢી જુની આર.ટી.ઓ. ઓફિસથી યુટર્ન સોજીત્રા તરફ જઈ શકશે.

(૨) આણંદ શહેર બહારથી અમીન ઓટો તરફ આવતા તમામ વાહનો આણંદ-સોજીત્રા રોડ, ઉમા ભવન પાસેના બ્રિજ ઉપરથી મહારાણા સર્કલ થઈ આણંદ શહેર તરફ જઈ શકશે.

આ હુકમથી જે રસ્તો બંધ કરવામાં આવેલ છે તે સ્થળોએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્જન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ-૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે.

ક્રમાંક:પીઓએલ/૨/જાહેરનામુ/એસ. આર/૬૦/૨૦૨૫ આણંદ જિલ્લામાં કોઈ પણ પ્રકારની જાહેર સુલે શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાઈ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની માનઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨ તા.૧૪/૦૫/૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોનો નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪/૦૨/૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયોમોમાં સુધારો કરવામા આવેલ છે.જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈસ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬.૦૦
એ	ઔદ્યોગીક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:00 સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

વાસ્તે હું ઋતુરાજ દેસાઇ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩, તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરવામું છું.

-: અમલવારીનો સમય :-

આણંદ જીલ્લામાં તા.૨૧/૦૫/૨૦૨૫ ના કલાક : ૦૧:૦૦ થી તા.૦૪/૦૬/૨૦૨૫ ના કલાક:૨૪:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

આણંદ જીલ્લાના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધ કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર આણંદ જીલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ, ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો / ગાયનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે

-: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :-

૧. માઈક સીસ્ટમ વગાડવો માટે તેના માલિક/ભાગીદારે પરવાનગી અરજી સંબંધિત મામલતદાર કચેરી ખાતે અરજી ૭-દિવસ પહેલા જે તે આયોજકે લેવાની રહેશે. આ ઉપરાંત સદરહું કાર્યક્રમ કે સભા સરઘસ અંગે આયોજક સિવાય જે તે ડીજે/લાઉડ સ્પીકર માલીક/સંચાલક/ઓપરેટર દ્વારા પણ અલગથી અને સ્વતંત્ર રીતે આવી સીસ્ટમ લગાડવા માટે The Noise Pollution (Regulation & Control) Rules-2000 મુજબ અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. આયોજકની પૂરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાનગી ન આપીને ફકત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે આ જ નિયમ ડીજે/લાઉડસ્પીકર અંગેની પરવાનગી માંગનારને પણ લાગુ પડશે.

૩. આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૮નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના દ્વારા પણ ઉપરોક્ત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

૪. જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાહેધરી આપવી પડશે કે "અવાજનુ સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતા વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા થનાર નિયમાનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે

૫. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૬. આણંદના વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૭. આવી પરવાનગી માટેની અરજી,લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૮. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૯. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેની પરવાનો જોવા માગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૧૦. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૧૧. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં. નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૧૨. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૩. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રની અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૪. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ મામલતદારશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૫. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, આણંદ અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૬. સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવા માલિક/સંચાલક/ operatorને મંજૂરી આપવાની રહેશે નહીં.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા જી.પી. એકટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જીલ્લામાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા જી.પી. એકટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મે આજરોજ તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૬૧/૨૦૨૫.- આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ના રોજ મુસ્લીમ ધર્મનો બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧), ૩૭(૩) અન્વયે તા.૨૪/૦૫/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૨૦/૦૫/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી /કા.વ્ય/જાહેરનામુ/૬૮૫/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૨૪/૦૫/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર: સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશંક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આ/૬૨/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ચુંટણીઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા સંબંધે ભારતના બંધારણની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી મતદાન માટે તેમજ ચૂંટણીઓ શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા નિવારક પગલાંના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવા જરૂરી છે.

ચૂંટણીઓ દરમિયાન હથિયારો દ્વારા બળ પ્રદર્શન તેમજ શસ્ત્રોની હેરાફેરી પર મનાઈ ફરમાવવી જરૂરી હોઈ, જાહેર શાંતિ અને સલામતીની જાળવણી તેમજ ચૂંટણીઓ નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ- ૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી દિવસ-૭ માં જિલ્લાના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડ કર્વાટરએ સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં રહેતાં હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યક્તિઓના હથિયાર કે હથિયારો જમા કરાવવા આવે તેમાટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

આ આદેશ આણંદ જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોએ તેમજ દેશના કોઈ પણ રાજય/જિલ્લાના કોઈ પણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ સમગ્ર આણંદ જિલ્લામાં કોઈપણ વિસ્તારમા રહેતા અથવા આણંદ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોપણી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી પરવાનાધારકને કરી શકશે નહી. સંબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથિયાર તા.૨૮/૦૬/૨૦૨૫ પછી પરત કરવાનું રહેશે અને તેમના માટે કોઈ અલગ હુકમની જરૂરત રહેશે નહી.

જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં કે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની સંબંધિત કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેથી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયાપુર્ણ થય પરત સોપવાના રહેશે.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર કરું છું.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિંત્રા, ખંભાત, તારાપુર, બોરસદ આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તાર

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(અ) આણંદ જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેક, કોર્પોરેશન સહિત), સ્થાનીક સ્વરાજયના સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સરકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડ. આવા સિક્યુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના આધિકારીઓ /કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર છે.

(ડ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આણંદ એ ખાસ પરવાનગી આપેલ હોય.

હથિયારના પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પરવાનાવાળા હથિયાશે જમા કરાવવાના રહેશે, તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ તેમજ ભારતીય ન્યાય સહીતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે,

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૬૩/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. સદરહું ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, પાટીયાં, બેનર તથા ચૂંટણી પ્રચારને લગતા અન્ય સાહિત્ય વિગેરેના ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમ્યાન ઉમેદવારો ધ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહનવ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા/પ્રદર્શિત કરવામાં આવે છે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી/ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો ભીતસુત્રો ધ્વજા, ભીતચિત્રો વિગેરે લગાવવામાં આવે છે. આના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થવા સંભવ છે. જેના કારણે રાહદારીઓની અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે. આથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું,

(૧) રાજય સરકારના, નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડ/નિગમો/પંચાયતની માલીકીના રસ્તાઓ, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ ગ્રામ પંચાયતોના ઉમેદવારો ધ્વારા અથવા આવા ઉમેદવારો માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત ધ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકાશે નહિ કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહિ કે કમાનો/દરવાજા ઉભા કરી શકાશે નહિં. આવી મિલ્કતો ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહિં.

(૨) કોઈપણ ચૂંટણીના ઉમેદવારોએ જાહેર મિલ્કતો કે ખાનગી મિલ્કતો ઉપર ચૂંટણી જાહેરાત-પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા, લખાણો વગેરે સબંધિત સંસ્થા, કચેરી કે માલિકની સંમતિ/ધોરણસરની પરવાનગી સિવાય ચોટાડવા નહિ કે લેખવા નહિ કે લગાડવા નહિ. ચૂંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા નહિં.

(૩) જાહેર સ્થળોએ સક્ષમ સ્થાનિક સત્તાધિકારીની મંજુરી પ્રમાણે નિયત રકમની ચુકવણીથી ચૂંટણી પ્રચાર માટે હોર્ડીંગ્સ પ્રદર્શિત કરી શકાશે. પરંતુ, ચૂંટણીની જાહેરાત કરી દીધેલ હોઈ આવી જગા કે હોર્ડિંગ્સની સાઈઝ હવે વિસ્તારી શકાશે નહિ કે ઘટાડી શકાશે નહિં,

(૪) કોઈપણ ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ અન્ય પક્ષોએ યોજેલ સભા અને સરઘસમાં અવરોધો ઉભા કરવા નહિં કે તે સભા તોડવી નહિ તેમજ એક રાજકીય પક્ષના કાર્યકરો કે સહાનુભુતિ દર્શાવનારાઓએ બીજા રાજકીય પક્ષોએ યોજેલી જાહેર સભાઓમાં ઘર્ષણ સર્જાય તેવી રીતે મૌખિક કે લેખિત પ્રશ્નો પૂછીને અથવા પોતાના પક્ષના ચોપાનીયાં વેચીને ખલેલ પહોચાડવી નહિ તેમજ એક પક્ષે સભાઓ યોજી હોય, તેવા સ્થળોએ બીજા પક્ષોએ સરઘસ લઈ નવું નહિં તેમજ એક પક્ષે બહાર પાડેલ ભીતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહિં.

(૫) હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહિં. કટઆઉટની ઊંચાઈ ૮ ફુટ થી વધવી જોઈએ નહિં. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને, પોલીસ અધિક્ષકશ્રીને તેમજ ચૂંટણી અધિકારીને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ સંબંધિત ઉમેદવાર/ઉમેદવારોના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

(૬) પરવાનગી અપાયેલ દિવાલો, મકાનો કે અન્ય મિલ્કતોને મુળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સંબંધિત રાજકીય પક્ષ -ઉમેદવારની રહેશે. માલ મિલ્કત ઉપર ચૂંટણી વિષયક લખાણ દુર કરવાનો ખર્ચ સંબંધિત રાજકીય પક્ષો, ઉમેદવારો પાસેથી વસુલ કરવાનો રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિંત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૩૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૬૪/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે. ચૂંટણી પ્રચારમાં વપરાતા વાહનોની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય છે, જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાની, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની તેમજ સુલેહશાંતી ભંગ થવાની સંભાવના રહે છે. સદર બાબતો ધ્યાને લેતાં મુક્ત, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીના સંચાલન હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

આથી હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, કોઈપણ રાજકીય પક્ષ, વ્યકિત, સંસ્થા, ચૂંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચૂંટણીના કામે વાહનોનો આણંદ જિલ્લાના ચૂંટણી યોજાઈ રહી છે તેવા સમગ્ર વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રિન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા મતદાર વિભાગના, ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી ચાલતા કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો જેવાં કે બસ/મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક, ટેમ્પો, ટ્રેલર સાથેનું કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીયા, સ્કુટર, પશુથી ચાલતા વાહનો વિગેરે તમામ પ્રકારના વાહનોને લાગુ પડે છે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૬૫/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો. તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે, જેના કારણે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવરક્રાઉડીંગની પરિસ્થિતિ નિવારવી જરૂરી જણાય છે.

આથી હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. ઉમેદવાર/દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર અને ત્યાર બાદ જરૂર જણાય તો પ્રથમ ગયેલા ચાર વ્યક્તિઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાંથી બહાર નીકળી જાય તે પછી બાકીના ચાર અને તે જ રીતે બાકીના વ્યકિતઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેશી શકશે. આમ કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચારથી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/ નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

(૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જયારે તેઓનું ઉમેદવારી પત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. સંબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યક્તિને આ હુકમની નકલ પુરી પાડવી.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા. ૩૦/૦૫/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલથી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૬૬/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના

રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે.

ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીતપત્રો, હેન્ડ બીલ વિગેરે પ્રકારનું સાહિત્ય ઉમેદવારો કે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની ઓળખ માટે કે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવા માટે વિવિધ સ્થળે છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર્ય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલાં લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ વિગેરેના મુદ્રણ અને પ્રકાશન અંગે રાજય ચૂંટણી પંચના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક થી નિયંત્રણો લાગુ કરવા સુચના આપવામાં આવેલ છે.

ઉપરોકત જોગવાઈની અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ- ૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈ પણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈ પણ વ્યકિત કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યક્તિઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રકની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીને તથા સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીને મોકલી હોય.

આ જોગવાઈ પુરતું હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કઢાવવાની કોઈ પણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

(૩) છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા, અને ફોન/મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

(૪) મુદ્રકે પ્રકાશક પારોથી મેળવેલી એકરાર પત્રક જોડાણ-૬ અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીએ તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, -આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(આર)(૩) અન્વયે

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૬૭/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના 219 રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણી પ્રકીયા દરમ્યાન ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો નિયત મંચ ઉપરાંત યાંત્રિક રીતે કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો ઉપર ગોઠવીને પણ ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઊંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે તેમજ જુદા જુદા ગામોએ વસવાટો, મહોલ્લા, વસાહતો અને લત્તાઓમાં પણ પહોંચે છે. આના કારણે ધ્વની પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબ જ પ્રતિકુળ અસર પડે છે. વૃધ્ધો, અશકત અને બિમાર વ્યક્તિઓને પણ ઊંચા અવાજથી ખુબ જ તકલીફ પડે છે તથા સામાન્ય પ્રજાને ખુબ જ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. આથી ચૂંટણી પ્રકીયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે. રાજય ચૂંટણી આયોગ એ તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ- સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક- અન્વયે ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ- ૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે જાહેરસભા કે સરઘસના હેતુસર કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો જિલ્લાના કોઈપણ વિસ્તારમાં રાત્રે ૨૨:૦૦ કલાક થી સવારના ૦૮:૦૦ કલાક સુધી ઉપયોગ કરી શકાશે નહિં.

(૨) કોઈપણ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સત્તાધિકારીની અગાઉથી લેખીત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો ધ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખીત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનમાં ગોઠવેલ લાઉડ સ્પીકર માટે ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન ચાલકે પરવાનગીનો હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રશન નંબર લખવાના રહેશે.

(૫) ફરતાં વાહના ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારને તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગમાં ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના ધ્વારા મેળવેલ પરવાનગી પત્ર (પરમીટ) ની સંપુર્ણ અને લેખીતમાં જાણ કરવાની રહેશે.

(૬) ફરતા વાહન ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ ચાલુ વાહને થઈ શકશે નહિં. આવા કિસ્સામાં વાહનને કોઈ સ્થળે ઉભું રાખી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૬૮/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. અગાઉની ચૂંટણીઓમાં કેટલાક વાંધાજનક એસ.એમ.એસ.(ટુંકા સંદેશ સેવા), એમ.એમ.એસ., સોશીયલ મિડિયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનો થકી ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરવાનો કેટલાક લોકો ધ્વારા પ્રયાસ થયાનું અનુભવ પરથી જણાયેલ છે. સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની આગામી ચૂંટણીઓમાં સ્થાપિત હિતો ધરાવતા ઈસમો ધ્વારા આવો દુરૂપયોગ કરવામાં આવે તેવી શક્યતા રહેલ છે. આવા કૃત્યોના લીધે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ, આદર્શ આચાર સંહિતા તથા રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સૂચનાઓનો ભંગ થાય છે. આવા અનિચ્છનીય કૃત્યોથી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા દુષિત થવાની સંભાવના હોઈ આવી પ્રવૃતિઓ તાત્કાલીક અટકાવવી અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત ચૂંટણી સંદર્ભમાં શાંત વાતાવરણ ડહોળાઈ જાય તેવા બદઈરાદાથી તેમજ કોમ કે ધર્મ કે જ્ઞાતિ વચ્ચે સંઘર્ષ ઉભો કરવાના હેતુથી કેટલાક ઈસમો ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., એમ.એમ.એસ., સોશીયલ મિડીયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનોનો ઉપયોગ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી. અનુભવના આધારે અને વ્યાપક મળતી માહિતીના આધારે પ્રસ્થાપિત થયેલ છે કે કોમી તંગદીલી ફેલાવે કે કાયદો અને વ્યવસ્થા જોખમાવે કે ચૂંટણી પ્રક્રિયાને ખોરંભે પાડે તેવા વજુદ વગરના સમાચારો મોબાઈલ ફોનના ગ્રુપ/વ્યકિતગત એસ.એમ.એસ./એમ.એમ.એસ., સંદેશા વ્યવહારના અન્ય સાધનો ધ્વારા પ્રસારિત થાય છે અને આવા ખોટા સંદેશા વ્યવહારની લોકોમાં આપ-લે થવાના પરીણામ સ્વરૂપે કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી સંભાવના રહે છે. મુક્ત, ન્યાયી તથા તટસ્થ રીતે ચૂંટણી યોજવાના હેતુથી આવી શક્યતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવું અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ- ૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવ્યા મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધીત કૃત્યો :

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, બી.એસ.એન.એલ., એરટેલ, વીઆઈ, રીલાયંસ જીઓ વિગેરે તેમજ ફેસબુક, ટિવટર, વોટસએપ વિગેરે જેવી સોસીયલ સાઈટ પુરી પાડતી કંપનીઓએ આણંદ જિલ્લાના ચૂંટણી હેઠળના તમામ વિસ્તારોમાં પ્રસ્થાપિત કાયદાનો ભંગ થાય તેવા કે ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ભંગ થાય તેવા કે રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય તેવા કે મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરે. તેવા ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ., એમ.એમ.એસ., અન્ય કોઈ પણ પ્રકારના સંદેશાઓ તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી પ્રસારીત કરશે નહીં કે કરવા દેશે નહીં. વધુમાં રાજકીય સ્વરૂપના કોઈ પણ પ્રકારના સંદેશાઓનું પ્રસારણ મતદાન પુર્ણ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ સાંજના ૧૮:૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ સાંજના ૧૮:૦૦ કલાક સુધી સંપૂર્ણપણે પ્રતિબંધીત કરશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. વધુમાં આવું કૃત્ય સબંધિત કાયદા હેઠળ શિક્ષાપાત્ર બનશે. આથી કોઈ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ કોઈ રાજકીય પક્ષ કે કોઈ પણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી.

તમામને વ્યકિતગત રીતે નોટીસ બજવણી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરું છું.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ ચોટાડવા તેમજ મોબાઈલ સર્વિસ આપતી કચેરીઓની મુખ્ય કચેરીઓ ઉપર તેમજ તેના સંચાલક, એજન્ટને બજવણી અને તેની નકલો ચોટાડી અને રાબેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ ફરમાવું છું.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૬૯/૨૦૨૫. ગુજરાતના સજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે, સદરહુ ચૂંટણી સંદર્ભે મતદાનના દિવસે મતદારો મુકત અને ન્યાયી રીતે મતદાન -કરી શકે તથા મતદાન પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે તે જરૂરી હોઈ તેમજ સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તથા શાન્તીપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મતદાન કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરના અંતરમાં (ત્રિજયામાં) અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૧૯:૦૦ કલાક (મતદાન પ્રક્રિયા પૂર્ણ થવા) સુધી તેમજ પુન:મતદાન કરવાની જરૂર પડે જે તે મતદાન કેન્દ્રો ઉપર તા.૨૪/૦૬/૨૦૨૫ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૧૯:૦૦ કલાક (મતદાન પ્રક્રિયા પૂર્ણ થવા) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું -

(૧) મત માટે પ્રચાર કરવા પર.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહ પુર્વક વિનંતી કરવા પર.

(૪) કોઈ પણ અમુક ઉમેદવારને મત ન આપવા કોઈ મતદારને સમજાવવા પર.

(૫) કોઈ મતદારને ચુંટણીમાં મત ન આપવા સમજાવવા પર.

(૬) ચુંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવા પર.

(૭) મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસસેટ/વોકીટોકી સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર

(૮) વાહનો સાથે આવવા પર.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા રાજય ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ

કરવા પર.

(૧૦) રાજકીય પક્ષના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવા પર.

(૧૧) એક ઉમેદવારના એકથી વધારે મતદાન એજોને મતદાન મથક ઉપર હાજર રહેવા પર.

(૧૨) કોઈ પણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા પર.

(૧૩) મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટોને મતદાર યાદી મતદાન મથકની બહાર લઈ જવા પર.

વધુમાં નીચે મુજબના કૃત્યો કરવા ફરમાવું છું.

(૧) મતદાન મથકમાં પ્રવેશવા માટે શક્ય હોય ત્યાં સુધી સ્ત્રી મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા કરવાની રહેશે. અલગ લાઈન ન થઈ શકે તો જ મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.

(૨) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારાફરતી ક્રમમાં પ્રવેશવાનુ રહેશે.

(૩) મતદારોએ મત આપ્યા બાદ તુરત જ મતદાન મથક છોડી દેવાનું રહેશે.

(૪) ૬૫ વર્ષથી વધુ વયના મતદારો, અપંગ મતદારો, નાનું બાળક સાથે હોય તેવા મહિલા મતદારો, સગર્ભા મતદારોને લાઈનમાં ઉભા ન રાખતાં પ્રથમ અગ્રતા આપી મતદાન કરવા દેવાનું રહેશે.

(૫) પુરૂષ અને સ્ત્રી એમ બે લાઈનમાં પણ એક પુરૂષની સામે બે મહિલાઓને મતદાન દેવાનું રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ, મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, ચૂંટણી આયોગે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીઓ સહીતના મતદાનની ફરજનો હવાલો ધરાવતા અધિકારી/કર્મચારીને ઉપર ક્રમ નં.-૭ તથા ૮ની બાબતો લાગુ પડશે નહી.

આ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ,વોકીટોકી સેટ જેવા સાધન મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે. આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ. આર/૭૦ ૭૦/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. મતગણતરીના દિવસે સવારે ૦૭:૦૦ કલાકથી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી મતગણતરી પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે, મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે મતગણતરી થઈ શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવવી ખુબ જ જરૂરી હોઈ મતગણતરી કેન્દ્રની અંદર તથા મતગણતરી કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી છે.

વાસ્તે હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ મતગણતરી કેન્દ્રો તથા તેની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૭:૦૦ કલાકથી મતગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું–

(૧) મતગણતરી કેન્દ્ર ઉપર કે તેની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ પણ કરી શકશે નહીં.

(૨) મતગણતરી કેન્દ્રમાં કે તેની આજુબાજુ ૧૦૦ મીટની ત્રિજયામાં કોઈપણ વ્યકિત વાહનો સાથે આવી શકશે નહી.

(૩) મતગણતરી કેન્દ્રમાં ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મતગણતરી એજન્ટ, મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રી/ કર્મચારીશ્રી તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિત પ્રવેશ કરી શકશે નહીં.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

(૧) રાજય ચૂંટણી આયોગ દ્વારા નિમાયેલા નિરીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, વધારાના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી મુદ્દા નં.-(૧)માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે, પરંતુ મતગણતરી હોલમાં જવાના પ્રસંગે આવું ઉપકરણ સાઈલન્ટ મોડમાં રાખવાનું રહેશે.

(૨) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ તથ સુરક્ષા કર્મચારીઓ સલામતીની દ્રષ્ટિએ જરૂરી હોય તેવા મુદ્દા નં.-(૧) માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે.. પરંતુ મતગણતરી હોલમાં આવું કોઈ ઉપકરણ લઈ જઈ . શકાશે નહીં.

(૩) અધિક જિલ્લા મેજીરટ્રેટશ્રી/ચૂંટણી અધિકારીશ્રી દ્વારા વાહન પરમીટ આપેલ વાહનો મતગણતરી કેન્દ્રના પોર્ચ સુધી લાવી શકાશે.

(૪) મતગણતરી માટે નિમણૂક આપેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લઈને આવતું વાહન પાર્કીંગ એરિયા સુધી લાવી શકાશે.

(૫) ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/ મતગણતરી એજન્ટ પોતાનું વાહન ચૂંટણી અધિકારીશ્રીએ તે માટે નક્કી કરેલ એરીયા સુધી લાવી શકશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિંત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે

અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો મળી આવશે તો અથવા પ્રતિબંધીત વિસ્તામાં કોઈ વાહને પ્રવેશ કરશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીશ્રી/ કર્મચારીશ્રી આવું સાધન/વાહન જપ્ત કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા. ૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિકકા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર/૭૧/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી તે જરૂરી જણાતુ હોઈ તેમજ ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો આવશ્યક જણાતો હોઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩હેઠળ પગલા લેવા પુરતાં કારણો છે.

આથી હું, જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો આથી આણંદ જિલ્લાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૧૫૯ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/ મધ્યસત્ર અને ૧૦૦ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૫૯ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, આણંદ જિલ્લા વિસ્તારના જાહેરનામામાં સમાવિષ્ટ વિસ્તારમાં આ હુકમની તારીખથી તા.૨૨/૦૬/૨૦૨૫ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રિત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય વિસ્તારોમાં જે તે મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે. સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

આણંદ જિલ્લા વિસ્તારના આણંદ (શહેર), આણંદ (ગ્રામ્ય), ઉમરેઠ, પેટલાદ, સોજિત્રા, ખંભાત, તારાપુર, બોરસદ, આંકલાવ તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારશે

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવા વ્યકિતને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૩૦/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના ચેજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (ફ) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૭૨/૨૦૨૫.-૩૦ ગુજરાત બટાલીયન એન.સી.સી., ગોધરાનાઓને તેમના તા.૨૮/૦૪/૨૦૨૫ ના પત્રથી તા.૦૩/૦૬/૨૦૨૫ થી તા. ૧૨/૦૬/૨૦૨૫ સુધી થામણા એજ્યુકેશન ટ્રસ્ટ, મુ.થામણા, તા.ઉમરેઠ, જિ.આણંદ ખાતે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કેમ્પ યોજવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૨૯/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક: સીબી-૫/ફાયરીંગ જાહેરનામું ૭૩૬૨/૨૫થી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

સબબ હું જે.વી.દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉમરેઠ પો.સ્ટે.ની હદમાં આવેલ થામણા એજ્યુકેશન ઈન્સ્ટીટયુટ, થામણા(એક કિલોમીટર) વિસ્તારમાં તા.૨૮/૦૪/૨૦૨૫ ના પત્રથી તા.૦૩/૦૬/૨૦૨૫ થી તા. ૧૨/૦૬/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાના ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજરોજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો::

નં.પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર/૭૩/૨૫.-આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ મુસ્લિમ ધર્મનો બકરી ઈદ' (ઈદ-ઉલ-અઝા) નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવવાના કારણે સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આવી પરિસ્થિતીને ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે. જેથી તા.૦૭/૦૬/૨૦૨૫ ના ક.00:00 થી તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ ક.૨૪:૦૦ નીચે મુજબનું જાહેરનામું (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામું જીલ્લામાં અમલમાં રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૨૮/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલઆઈબી/ કા.વ્ય./બકરી ઈદ/ જાહેરનામુ/૭૫૧/૨૦૨૫થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

આથી હું જે.વી.દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર આણંદ જિલ્લાના હદવિસ્તારમાં તા.૦૭/૦૬/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ ક.૨૪/૦૦ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

(૧) કોઈપણ વ્યકિતએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં. શેરીઓમાં કે, મહોલ્લામાં વિગેરે જગ્યાએ જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવી નહી., તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી.

(૨) 'બકરી ઈદ' તહેવાર નિમિત્તે જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેકવા નહી.

વિસ્તાર:-

સમગ્ર આણંદ જીલ્લો

શિક્ષા :

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈરામો સામે આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જે. વી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.05 11:27:02 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara